# Telephone conversation between PM and Prime Minister of Canada

April 29, 2020

## વડાપ્રધાન અને કેનેડાનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 29, 2020

આજે વડાપ્રધાને કેનેડાનાં વડાપ્રધાન મહામહિમ જસ્ટિન ટ્રુડો સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીનાં સંદર્ભમાં પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. તેઓ વૈશ્વિક એકતા અવે સંકલનની અગત્યતા, પૂરવઠા સાંકળની જાળવણી, અને સંયુક્ત સંશોધન પ્રવૃત્તિઓ પર સંમત થયા હતા.

વડાપ્રધાને કેનેડામાં હાજર ભારતીય નાગરિકો, ખાસ કરીને વિદ્યાર્થીઓ, ને સહાયતા અને મદદ પ્રદાન કરવા માટે કેનેડાનાં વડાપ્રધાનનો આભાર માન્યો હતો. વડાપ્રધાન ટ્રુડોએ ભારતમાં કેનેડાનાં નાગરિકોને ભારત સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવેલી મદદની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને ખાતરી આપી હતી કે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ભારતની ઉત્પાદન ક્ષમતાઓ કેનેડાનાં નાગરિકો સહિત વિશ્વનાં નાગરિકોને સહાય કરવા માટે ભારતનાં શ્રેષ્ઠ સામર્થ્યમાં ઉપલબ્ધ રહેશે.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે ભારત અને કેનેડા વચ્ચેની ભાગીદારી આ મહામારી સામેની લડાઈનાં વૈશ્વિક પ્રયાસોમાં અર્થપૂર્ણ રીતે યોગદાન આપી શકે છે, ખાસ કરીને કોવિડ-19 ની રસી કે ઉપચારાત્મક નિરાકરણોની શોધ કરવાનો ધ્યેય રાખતા સંશોધન અને ટેકનોલોજીમાં જોડાણ મારફત.

**નવી દિલ્હી**
**એપ્રિલ 28, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.